# મોડાસામાં વાવાઝોડા સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## વિજતંત્રનો પ્રિ-મોન્સુન પ્લાન માત્ર કાગળ પર, વરસાદ પડતાની સાથે જ ૪ કલાક વિજળી ડુલ : મોડાસા વોલ્વા ગામે ઝાડ ધરાશાયી, મકાનોના છાપરા ઉડ્યા

મોડાસા, તા. ૧૩
અરવલ્લી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી કેટલાક વિસ્તારોમાં તીવ્ર પવન સાથે મેઘરાજાનુ આગમન થયુ હતુ. પરંતુ મોડાસા શહેર અને તાલુકા વિસ્તારમાં વરસાદના છાંટા ન પડતા વાદળ છાયા વાતાવરણથી અસહ્ય બફારો અનુભવાઈ રહ્યો હતો. ત્યારે સોમવારની મધ્યરાત્રીએ વાવાઝોડા સાથે વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તીવ્ર ઝડપથી ફૂંકાયેલા પવન મોડાસા શહેરના બસસ્ટેન્ડ વિસ્તાર સહિત અનેક જગ્યાએ ઠેર ઠેર ઝાડ ધરાશાયી થયા હતા. વોલ્વા ગામે વાવાઝોડાએ તારાજી સર્જતા કાચા મકાનના છાપરા ઉડી જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.

છેલ્લા બે મહિનાથી સખત ગરમીના પ્રકોપ વચ્ચે સોમવારે રાત્રે અરવલ્લી જિલ્લાના મોડાસામાં ૧૯ એમ.એમ., મેઘરજમાં ૫ એમ.એમ. અને માલપુરમાં ૧૧ એમ.એમ. વરસાદ ખાબકતા વાતાવરણમાંઠંડક પ્રસરી ગઈ હતી. મોડાસા શહેરમાં મધ્યરાત્રીએ આકાશમાં અચાનક વાતાવરણમાં પલટા સાથે ઝોરદાર પવન ફૂંકાતા કડાકા-ભડાકાના અવાજ સાથે વરસાદ તુટી પડ્યો હતો. વરસાદ શરૂ થતાની સાથે જ વીજ તંત્રના પ્રી મોન્સુન પ્લાનની પોલ ખુલી ગઈ હતી અને વરસાદના છાંટાની સાથે જ વીજળી ગુલ થતા શહેરીજનો પરસેવે રેબઝેબ થવાની સાથે અકળાઈ ઉઠ્યા હતા. મોડાસા શહેર સહિત અરવલ્લી જિલ્લામાં મોટા ભાગના ગામોમાં વિજપુરવઠો ખોરવાતા અંધારપટ છવાઈ ગયો હતો.

છેલ્લા ઘણા સમયથી વીજકંપની દ્વારા વિવિધ વીજ લાઈનો પર સમારકામ અને પ્રી મોન્સુન પ્લાન કામગીરી હેઠળ વીજકાપ મુકી ધોમધખતા તડકા અને અસહ્ય ગરમીમાં લોકોને શેકાવાનો વારો આવ્યો હતો. તેમ છતાં વીજતંત્રની ઘોર બેદરકારી કે પછી પ્રી મોન્સુન પ્લાન ફક્ત કાગળ પર જ હોય તેમ વરસાદ પડતાની સાથે જ વીજળી ડુલ થઈ જતા લોકોમાં વિજતંત્રની કામગીરી સામે આક્રોશ જોવા મળી રહ્યો છે.







### મોડાસા બસસ્ટેન્ડ નજીક ઝાડ ધરાશાયી થતા મુખ્ય માર્ગ પર ટ્રાફિક જામ

મોડાસા બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલા ઝાડ સોમવારે રાત્રીએ વાવાઝોડા સાથે પડેલા વરસાદમાં ધરાશાયી થતા મોડાસા-હિંમતનગર મુખ્યમાર્ગ પર સવારે ૮ વાગ્યા સુધી ઝાડ ન હટાવતા ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. તદ્‌ઉપરાંત બસસ્ટેન્ડ નજીક અને મુખ્યમાર્ગો પર લગાવેલ જાહેરાતોના હોર્ડિંગ્સ પણ તુટી પડ્યા હતા. બસસ્ટેન્ડ નજીક રહેલી ચાની કીટલી જોરદાર પવન સાથે ફંગોળાઈ જતા કીટલી ચલાવતા વ્યક્તિને નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો.



### ભિલોડાના જેસીંગપુર પાટીયા ગામ પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૧૩
અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જેસીંગપુર પાટીયા ગામ પાસેથી રૂા.૯૬,૦૦૦/-નો વિદેશી દારૂ પાસ પરમીટ વગરનો એલ. સી. બી. પોલીસ ધ્વારા ઝડપાયો છે ત્યારે વિદેશી દારૂની હેરાફેરી કરતા બે બુટલેગરો જીપ મુકી ફરાર થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ મહિન્દ્રા મેક્સ જીપ નંબર. જી.જે. ૧૮. એક્સ.૧૬૩૦માં રાજસ્થાન તરફથી પરપ્રાંતિય વિસ્તારમાં વિદેશી દારૂ ભરીને લવાતો હતો.એલ.સી.બી. પોલીસની નાકાબંધી દરમ્યાન બપોરે ૨:૩૦ વાગ્યાના અરસામાં જેસીંગપુર પાટીયા ગામ પાસેથી વિદેશી દારૂ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર જુદી-જુદી બ્રાન્ડનો વિદેશી દારૂની પેટી નંગ-૧૫ બોટલ નંગ-૨૪૦ ઝડપાઈ હતી. એલ.સી.બી. પોલીસએ રૂા.૯૬,૦૦૦/-નો વિદેશી દારૂ, મહિન્દ્રા મેક્સ જીપ કિંમત રૂા.૨,૦૦,૦૦૦/- કુલ મુદ્દામાલ રૂા.૨,૯૬,૦૦૦/- ઝડપી એલ.સી.બી. પોલીસએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજમાં વિજ વાયર પડતા પશુનુ મોત

## પાસે સુતેલી મહિલાનો આબાદ બચાવ : પ્રિ-મોન્સુન કામગીરી થઈ ન હોવાથી એક પછી એક ઘટના

પ્રાંતિજ, તા. ૧૩
સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ઈન્દીરાનગર પાસે રાત્રીનાં સમયે જીવિત વિજ વાયર નીચે પડતા પશુનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું જયારે પાસે સુતેલી મહિલાનો આબાદ બચાવ થયો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્ડકડેશ્વર મહાદેવ મંદિર ઈન્દીરા નગર પાછળ ગઈ રાત્રીએ ૧૧ વાગ્યાના સમયે વિજકંપનીનો જીવિત વિજ વાયર ઘર આગળ બાંધેલ ભેંસ ઉપર પડતાં તરત જ વિજ કરંટ લાગતાં ભેંસનુ ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું જયારે આંગણામાં સુતિ મહિલા કાળીબેન દીલાજી મકવાણા ઉપર પણ વાયર પડયો હતો પણ મહિલાનો આબાદ બચાવ થયો હતો અને મોટી જાનહાની ટળી હતી. જયારે મહિલાએ બુમાબુમ કરતાં આજુબાજુના લોકો ભેગા થઈ ગયાં હતાં અને વિજકંપનીમાં જાણ કરાતાં વિજ કંપનીના માણસો ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં ત્યારે ચોમાસા પહેલા પ્રાંતિજ સહિત વિસ્તારોમાં પ્રિમોન્સુન કામગીરી હાથ ધરવામાં ના આવતાં પ્રાંતિજમાં વિજ કરંટથી બીજા પશુનું મોત નિપજ્યું છે ત્યારે પશુમાલિક દિલાજી અમરાજી મકવાણા દ્વારા પોતાના કુટુંબનુ ભરણપોષણનું એક માત્ર પશુનું વિજ કરંટના કારણે મોત નિપજતાં આ અંગેની ફરીયાદ પ્રાંતિજ પોલુસ તથા પ્રાંતિજ મામલતદારને જાણ કરવામાં આવી છે ત્યારે આજુબાજુના રહિશો જણાવી રહ્યાં છે કે આ ગરીબ પરીવારને સરકાર દ્વારા કુદરતી આપતી ભંડોળમાંથી કે વિજકંપની દ્વારા તાત્કાલિક વળતર ચુકવી આપવામાં આવે તેવું જણાવી રહ્યાં છે.







### ધોળકા અને બાવળા તાલુકાના ૧૧ તળાવો નર્મદાના પાણીથી ભરાયા

ધોળકા અને બાવળા તાલુકામાં નર્મદા કમાન્ડ વિસ્તારમાં આવેલા તળાવોને નર્મદાના પાણીથી ભરી દેવાની કામગીરી સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા ચાલી રહી છે, તે અંતર્ગત ૭ તળાવો ભરી દેવાયા છે, જ્યારે ૧૧ તળાવો ભરવાની કામગીરી ચાલી રહી છે. જે ગામના તળાવો ભરવાની કામગીરી ચાલુ છે તેમાં ધોળકા તાલુકાના કોઠ ગામના ૩, વેજલકા ગામના ૨, ઝાખડાના ૧, જવારજના ૩, ગુંદીના ૧, કેશરગઢના ૧ અને સરદવાડાના ૧ તળાવને ભરી દેવાયા કે ભરવામાં આવી રહેલ છે. પિયત વિસ્તાર બહારના રનોડા ગામના તળાવને ભરવાની કામગીરી ચાલુ છે. એજ રીતે બાવળા તાલુકાના પિયત વિસ્તારના બહારના ગામના તળાવને પણ ભરવાની કામગીરી ચાલુ છે.

# મહેસાણાના કેતન પટેલના અપમૃત્યુ મામલે ફરિયાદ નોંધાઈ

મહેસાણા, તા. ૧૩
તાજેતરમાં મહેસાણા ખાતે સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ચોરીના આરોપસર પકડાયેલ કાચા કામના કેદી એવા બલોલના કેતન મહેન્દ્રભાઈ પટેલના મોત સંદર્ભે મામલો ગરમાયા બાદ એક સપ્તાહના અંતે છેવટે ગઈરાત્રે મૃતક યુવાનના પિતાની ફરિયાદના આધારે મહેસાણા તાલુકા પોલીસ મથકે ખૂન, અપહરણ, લૂંટ, ષડયંત્ર તથા લાંચ રૂશ્વત વિરોધી અધિનિયમ હેઠળ કાયદેસર ગુનો નોંધી આ ગુનામાં સંડોવાયેલ મનાતા મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ. ચિરાગ પરમાર અને મૃતક યુવાન સામે ચોરીની ફરિયાદ કરનાર ફરિયાદી પાર્લર માલિક ભરત બારોટે અને તેમના દિકરાની ધરપકડ કરી વધુ તપાસ આરંભી છે.

મૃતક પાટીદાર યુવાનના પિતા મહેન્દ્રભાઈ નારાયણભાઈ પટેલ રહે. બલોલ, તા. જી. મહેસાણાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું છે કે આ ગુનામાં આરોપી નં. ૧ તથા ૨ અને અન્યોએ મારા દિકરાનુ બલોલથી અપહરણ કરી પાલાવાસણા ખાતે આરોપીના ગલ્લા પર લઈ જઈ માર મારી તાલુકા પોલીસને સોંપેલ હતો. બાદ પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં માર મારી પુરી દઈ મૃતકને શરીરે ઈજાઓ થવા છતાં તેની મેડીકલ સારવાર કરાવી નથી. અને તેને ગેરકાયદે અટકાયતમાં રાખી તેના વિરૂદ્ધ ચોરીની ફરિયાદ કરી તેની ધરપકડ કરી હતી. આ ઉપરાંત મૃતકને છોડાવવા માટે રૂપિયા ૧૭ હજારની લાંચની માગણી કરવામાં આવી હતી. જે ન આપતા સબજેલમાં મોકલી આપેલ. બાદ તા. ૫-૬-૧૭ના રોજ તેનુ મોત થયુ હતુ. મૃતકની લાશને જોતા હાથ પર સોનાની વીંટીઓ હતી તે આરોપીઓએ માર મારી લૂંટી લીધી છે.

આ સંદર્ભે મહેસાણા તાલુકા પોલીસે ઈપીકો કલમ ૩૦૨, ૩૬૫, ૩૨૩, ૩૬૪, ૩૪૨, ૧૬૬, ૩૩૦, ૩૩૧, ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૧૨૦ બી તથા લાંચ રૂશ્વત વિરોધી અધિનિયમની કલમ ૭, ૧ મુજબ ગુનો નોંધી ડીવાયએસપી ગઢિયાએ તપાસ હાથ ધરી છે. આ ગુનામાં આરોપી તરીકે ભરત મણીલાલ બ્રહ્મભટ્ટ અને તેમનો દિકરો ભરતભાઈની સાથે આવેલ ચાર થી પાંચ માણસો, તા.પો. સ્ટે.ના ચિરાગ પરમાર તથા તેમની સાથેના પોલીસ અધિકારીઓ વગેરે દર્શાવાયેલ છે. દરમિયાન આવતીકાલે મૃતકની લાશ સ્વીકારીને તેના અંતિમ સંસ્કાર કરાશે તેવુ જાણવા મળેલ છે.

### ચોમાસા દરમિયાન હરણાવ જળાશય નજીક અવર-જવર નહીં કરવા અપીલ

હિંમતનગર, તા.૧૩
સાબરકાંઠા જિલ્લાની હરણાવ નદી પર હરણાવ જળાશયનું બાંધકામ કરવામાં આવેલ છે. જે વિજયનગર તાલુકાના ખોખરા, કેલાવા, સરસવ અને રાજપુર વિગેરે ગામમાંથી પસાર થાય છે.

ચોમાસા દરમિયાન આર.એલ ૩૩૨.૭૦ મીટર સુધી પાણી ભરવામાં આવરનાર છે આથી ડુબ વિસ્તારમાં આવતા વણજ,કુંડોલ અને વણધોલ સહિતના ગામોમાં નદીના પાણી ભરાવાની શક્યતા છે. ઉપરાંત ડેમમાંથી પાણી છોડવામાં આવતા હેઠવાસના આંતરસુબા, મતાલી, બંધણા, વીરપુર, આંતરી, અભાપુર, ધોળીવાવ ગામમાં જયારે ખેડબ્રહ્મા તાલુકાના વાંધાકંપા, સઘરાકંપા, શીલવાડ ગામોમાં નદીમાં પુર આવવાની શક્યતા છે. આથી જાહેર જનતાને તાકીદ કરવામાં આવે છે. આ ડેમ વિસ્તારમાં લોકોએ અવર જવર કે, ઢોર ઢાખરને પ્રવેશ કરવો નહિ જો આ વિસ્તારમાં ગેરકાયદે પ્રવેશને કારણે અકસ્માત થવાની સંભાવના છે જેને જાહેર જનતાએ નોધ લેવા કાર્યપાલક ઈજનેર ધ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ખેડબ્રહ્માના નવીમેત્રાલ પાસે થયેલ ગમખ્વાર અકસ્માતમાં વધુ એકનુ મોત

ખેડબ્રહ્મા તાલુકાના નવી મેત્રાલ પાસે રવિવાર બપોરના સુમારે એક ટ્રકે જીપને કચડી નાખી હતી. જેમાં ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જયારે પાંચ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં સોમવારે વધુ એકનુ મોત નિપજ્યુ હતુ.

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામના રમણભાઈ પુજાભાઈ



રાવલ પોતાની જીપ ગાડી નં. જીજે.૯.બીબી.૨૨૭૦ તુવેરથી ખેડબ્રહ્મા આવતા હતા ત્યારે રવિવાર બપોરના સમયે નવીમેત્રાલ પાટીયાએ પેસેન્જર હાથ ઉંચો કરતા પોતાની જીપ ગાડી સાઈડમાં ઉભી રાખી પેસેન્જરને બેસાડતા હતા ત્યારે ખેરોજ તરફથી આવતી પથ્થર ભરેલી ટ્રક નં. જીજે.૧૮.વી.૬૯૮૪ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી જીપને ટક્કર મારી ખાડામાં નાખી હતી અને ટ્રકે જીપ ઉપર પલ્ટી મારી ગઈ હતી. જેમાં દબાઈ જવાથી અને ગંભીર ઈજાઓ થવાથી ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જ્યારે પાંચ ઈસમોને ગંભીર ઈજાઓ થતા ખેડબ્રહ્મા ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

જેમાંથી રાધીવાડ ગામના ઉમીયાબેન મણીલાલ વણકર ઉં.વ. ૪૦ને ગંભીર ઈજાઓ થયેલ હોઈ ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટથી અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. જ્યાં સોમવાર સાંજના સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ.

# ચોમાસા દરમિયાન સુજલામ સુફલામ નહેર વિસ્તારના નજીકના ગામો માટે તાકીદ

હિંમતનગર, તા.૧૩
સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતી સુજલામ સુફલામ નહેર વિસ્તારની કેનાલ સાંકળ૨૭.૦૦થી ૧૫૮ કિમી સુધીની નહેર મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના વડાગામથી શરૂ થઈ ને ગાગંટા, લુણાવાડા તાલુકાના લાલસર,ધામોદ,ડેટા, જુફરાલી, ખેમપુર તથા વીરપુર તાલુકાના કોયલા,છરવંગી, ગાંધારી,ડેભારી, બાદરપુરા,આલમપુરા, ભરોડી, બારોડા,વીરપુર,લીંબરવાડા, વરધરા, આઈુદરીયા, નુરપુર તથા બાલાશિનોર તાલુકાના ગુદલા, જેઠોલી,ભાંથલા તેમજ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના કુદવાડા,ઝાંખરીયા અનેમંજીના મુવાડા, દેરોલી, દેસાઈપુરા, ફાંટા, ધીરપુર, લાંક, ડેમાઈ, માધવકંપા, દખણેશ્વર, કોજણ, પીપોદરા, આંબાગામ, વસાદરા, સીમલજ, રણેચી, અલવા, આકોડીયા, ફતેપુરા, રતનપુર, વાત્રકગઢ તેમજ ધનસુરા તાલુકાના ગોપાલપુરા, લાલુ આકરુન્દ અને ખીલોડીયા જયારે સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પડુસણ, વાવ, સુલાતનપુરા, હરસોલ, ગુલાબની મુવાડી, ઉમેદની મુવાડી, માધવગઢ, તલોદ, ધાધવાસણા, પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી, બાલીસણા, હુંચ,મામરોલી, લીંબલા, કતપુર, કમાલપુર અને સાદોલીયા ગામમાંથી પસાર થાય છે.

આથી જાહેર જનતાને તાકીદ કરવામાં આવે છે. આ નહેર વિસ્તારમાં લોકોએ અવર જવર કે, ઢોર ઢાખરને પ્રવેશ કરવો નહિ જો આ વિસ્તારમાં ગેરકાયદે પ્રવેશને કારણે અકસ્માત થવાની સંભાવના છે જેને જાહેર જનતાએ નોધ લેવા કાર્યપાલક ઈજનેર ધ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



બનાસકાંઠા જિલ્લાના ડીસા મુકામે ગત રોજ શિક્ષણ સહાય ચેક વિતરણ કાર્યક્રમમાં ગુજરાત સરકારના ડીરેક્ટર શશીકાંતભાઈ પંડયાના અધ્યક્ષ સ્થાને અને નાયબ કલેક્ટર દિંગતભાઈ બ્રહ્મભટ્ટ તેમજ મુખ્ય મહેમાન જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ મગનભાઈ માળી, તાલુકા પ્રમુખ લેબજીભાઈ ઠાકોર શહેર ભાજપ પૂર્વ પ્રમુખ રમેશ ભાઈ ઠક્કર, પૂર્વ મહામંત્રી સંજયભાઈ માળી, પક્ષના વરીષ્ઠ આગેવાન ભગવાનભાઈ ઠક્કર (બંધુ)ની ઉપસ્થિતિમાં અંદાજે ૧૧.૮૪ લાખના ટોટલ ૧૦૫ ચેક વિતરણનો કાર્યક્રમ કરેલ. જેમાં અંદાજે ૩૦૦ લોકોની ઉપસ્થિતિમાં ભવ્ય ભોજન સાથેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.